MARYLAND STATE DEPARTMENT OF EDUCATION
Achievement Matters Most

# મેરિલેન્ડ શાળા આકારણી

ગૃહ અહેવાલ (હોમ રિપોર્ટ)

**2005 ગણિત :**

## MSA ગૃહ અહેવાલ વિશે

માર્ચ 2005 માં તમારા બાળકે ગણિત માટેની મેરિલેન્ડ શાળા આકારણી (MSA) આપી હતી. આ કસોટી ફેડરલના નો ચાઇલ્ડ લેફ્ટ બિહાઇન્ડ કાયદા (NCLB) માટે જરૂરી છે અને એ તમારા બાળકની ગણિત વિષયમાં સિદ્ધિનું એક માપ છે. ગણિતની આ કસોટી મેરિલેન્ડ મેથેમેટિક્સ કન્ટેન્ટ સ્ટાન્ડર્ડસની સરખામણીમાં તમારા બાળકની કામગીરી માપે છે. મેરિલેન્ડ કન્ટેન્ટ સ્ટાન્ડર્ડસ બધા વિદ્યાર્થીઓએ શું જાણવું જોઇએ અને શું કરી શકવા જોઇએ એની વિગત આપે છે. એ તમારી શાળામાં કે **http://mdk12.org** સાઇટ પર ઑનલાઇન ઉપલબ્ધ છે.

નીચે આપેલો સ્કૅલ સ્કૉર ચાર્ટ તમારા બાળકે ગણિતમાં મેળવેલા ગુણાંક, તેમજ તમારા બાળકની ગ્રેડમાં, શાળા પદ્ધતિમાં, અને આખા રાજ્યમાં વિદ્યાર્થીઓએ મેળવેલા એકંદર ગુણાંક દર્શાવે છે. સ્કૅલ સ્કૉર તમને મૂળભૂત, નિપુણ, અને મોખરેની કામગીરીના સ્થાપિત માનક સામે તમારા બાળકની કામગીરી સમજવામાં મદદ કરે છે. દરેક સ્તર માટેની અપેક્ષિત કામગીરી માટેની વિગતો ટૂંકમાં નીચે દર્શાવવામાં આવી છે. તમારા બાળકના ગ્રેડમાં તમારી શાળામાં, તમારી શાળા ડિસ્ટ્રિક્ટમાં, અને પૂરા રાજ્યમાં દરેક સ્તર સિદ્ધ કરી રહેલાં વિદ્યાર્થીઓની ટકાવારી નીચે દર્શાવવામાં આવી છે.

MSA ગુણાંકો તમારા બાળકની ગણિતની કામગીરી માટેનું માત્ર એક સૂચન છે. તમારે તમારા બાળકની વર્ગકામ, ગૃહકામ, પ્રોજેક્ટ્સ, અને અન્ય કસોટીઓ અને ઉખાણા માટેની કામગીરી માટે બાળકના શિક્ષક સાથે વાતચીત કરવી જોઇએ. શાળા અને પદ્ધતિ કામગીરી માટેની વધારાની માહિતી **http://mdreportcard.org** સાઇટ પર ઑનલાઇન ઉપલબ્ધ છે.

## MSA સ્કૅલ સ્કૉર ચાર્ટ

| | સ્કૅલ સ્કૉર | મૂળભૂત | નિપુણ | તમારું બાળક |
|---|---|---|---|---|
| તમારું બાળક | | | | |
| તમારા બાળકની શાળા | | | | |
| તમારા બાળકની શાળા ડિસ્ટ્રિક્ટ | | | | |
| મેરિલેન્ડ | | | | |

0 395 450 800

**5 થી ઓછા વિદ્યાર્થીઓ માટે સ્કૉર ઉપલબ્ધ નથી. વધુ માહિતી માટે તમારી શાળાનો સંપર્ક કરો.

## MSA કામગીરી સ્તરની વિગતો

મોખરે : આ સ્તરના વિદ્યાર્થીઓ નિયમિત રીતે ગણિતના અઘરા દાખલા ઉકેલે છે અને ઉત્કૃષ્ટ ગાણિતિક વિચારશક્તિ દર્શાવે છે.

નિપુણ : આ સ્તરના વિદ્યાર્થીઓ પાયારૂપ ગ્રેડ સ્તરની આવડતો દર્શાવે છે અને સામાન્ય રીતે ગણિતના પ્રવેશ સ્તરના દાખલા ઉકેલી શકે છે. બધા વિદ્યાર્થીઓ માટેનું ધ્યેય નિપુણ કે મોખરેના સ્તરે પહોંચવાનું છે.

મૂળભૂત : આ સ્તરના વિદ્યાર્થીઓ મેરિલેન્ડ મેથેમેટિક્સ કન્ટેન્ટ સ્ટાન્ડર્ડસમાં વર્ણવેલી આવડતો અને વસ્તુકલ્પનાની માત્ર આંશિક પ્રવીણતા દેખાડે છે.

## MSA શાળા/પદ્ધતિ/રાજ્ય

| સ્તરે વિદ્યાર્થીઓની ટકાવારી : | મૂળભૂત | નિપુણ | મોખરે |
|---|---|---|---|
| તમારા બાળકની શાળા | | | |
| તમારા બાળકની શાળા ડિસ્ટ્રિક્ટ | | | |
| મેરિલેન્ડ | | | |

## TerraNova સ્વીકૃત ધોરણ-સંદર્ભિત કસોટી સ્કૉર (NRT)

મેરિલેન્ડ શાળા આકારણીના એક ભાગ રૂપે, તમારા બાળકે TerraNova સ્વીકૃત ધોરણ-સંદર્ભિત કસોટી (NRT) પણ આપી હતી. આ કસોટી મેરિલેન્ડ કન્ટેન્ટ સ્ટાન્ડર્ડસના અલગ પણ સંબંધિત જ્ઞાનને માપે છે. નીચે આપેલી ટકાવારી તમારા બાળકની કામગીરીને એ જ ગ્રેડના દેશભરના વિદ્યાર્થીની કામગીરી સાથે સરખાવે છે. દા.ત., 40મો પરસન્ટાઇલ સ્કૉર મેળવનાર વિદ્યાર્થીએ આખા દેશના 40 ટકા જેટલા વિદ્યાર્થીઓ જેટલી કે વધુ સારી કામગીરી કરી - પણ બાકીના 60 ટકા જેટલા વિદ્યાર્થીઓ જેટલી સારી નહિ.

**NRT સ્કૉર**

ગણિત :

પ્રકાશન તારીખ :

CTB McGraw-Hill